# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગઅમદાવાદ ,આકાશવાણી ,

**Date: 01-02-2025 Day: Saturday Evening: 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## કેન્દ્રીય બજેટ ૧:

**કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે આજે લોકસભામાં નાણાકીય વર્ષ 2025-26 માટેનાં કેન્દ્રીય અંદાજપત્રમાં દેશનાં મધ્યમવર્ગને શ્રેણીબધ્ધ રાહતો આપી છે.**

**હવે નવી કરપ્રણાલિ હેઠળ આવકવેરાનાં સ્લેબ પ્રમાણે 12 લાખ રૂપિયા સુધીની આવક પર કોઇ વેરો નહીં લાગે. આ ઉપરાંત 75000 રૂપિયાનું સ્ટાન્ડર્ડ ડિડક્શન પણ લાગુ પડશે. આ રીતે , પગારદાર વ્યક્તિની કુલ 12 લાખ 75 હજાર સુધીની આવક કરમુક્ત થઈ જશે.**

**સતત આઠમું અંદાજપત્ર રજૂ કરતા નાણામંત્રીએ જણાવ્યું કે , હવે તમામ કરદાતાઓ છેલ્લાં ચાર વર્ષનું આવક વેરા રિટર્ન એક સાથે ફાઇલ કરી શકશે. વરિષ્ઠ નાગરિકો માટે TDS મર્યાદા 50 હજાર રૂપિયાથી વધારીને એક લાખ રૂપિયા કરવામાં આવી છે.**

**તેમણે રાજ્યોને માળખાકીય સુવિધાઓ વિકસાવવા દોઢ લાખ કરોડ રૂપિયાની વ્યાજમુક્ત લોન આપવાની જાહેરાત પણ કરી હતી.**

**શ્રીમતી સિતરામને કહ્યું કે આ બજેટનો હેતુ કરવેરા , વીજળી ક્ષેત્ર , શહેરી વિકાસ, ખાણકામ, નાણાકીય ક્ષેત્ર અને નિયમનકારી સુધારાઓ સહિત છ ક્ષેત્રોમાં પરિવર્તનશીલ સુધારાઓ શરૂ કરવાનો છે.**

---

## કેન્દ્રીય બજેટ ૨:

**નાણા મંત્રીએ મહત્વની જાહેરાત કરતા જણાવ્યું છે કે , આગામી ત્રણ વર્ષમાં દેશનાં તમામ જિલ્લાઓમાં કેન્સર કેન્દ્રો અને કેન્સરની સારવાર માટે ડે-કેર કેન્દ્રો**

સ્થાપવામાં આવશે. આ ઉપરાંત , જળ જીવન મિશનને 2028 સુધી લંબાવવાની , એક લાખ કરોડ રૂપિયાના ખર્ચ સાથે શહેરી પડકાર ભંડોળ સ્થાપવાની , કૌશલ્ય વિકાસ માટે રાષ્ટ્રીય કેન્દ્રો સ્થાપવાની અને મેડિકલ કોલેજોમાં 10,000 વધારાની બેઠકોની જાહેરાત કરવામાં આવી છે.

નાણા મંત્રીએ સુક્ષ્મ , લઘુ અને મધ્યમ કક્ષનાં એકમો- MSME માટે નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશન સ્થાપવાની પણ જાહેરાત કરાઈ છે.

મહિલા સશક્તિકરણ માટે મહત્વની પહેલ કરતાં તેમણે જણાવ્યું કે , આગામી પાંચ વર્ષ માટે પ્રથમ વખતના ઉદ્યોગસાહસિક SC અને ST મહિલાઓને 2 કરોડ રૂપિયા સુધીની ટર્મ લોન આપવામાં આવશે.

તેમણે જણાવ્યું કે, તમામ સરકારી માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવશે. તેમણે શાળાઓમાં 50 હજાર અટલ ટિકરિંગ લેબ સ્થાપિત કરવાની જાહેરાત પણ કરી હતી.

---

<u>કેન્દ્રીય બજેટ-કચ્છના અગ્રણીઓના પ્રતિભાવો:</u>

કેન્દ્રીય અંદાજપત્રને વેપાર ઉદ્યોગ અને આર્થિક જગત સાથે સંકળાયેલા કચ્છના અગ્રણીઓ તરફથી આવકાર મળ્યો છે.

કચ્છના આર્થિક પાટનગર ગણાતા ગાંધીધામની ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ મહેશ પુજે આકાશવાણીને બજેટ અંગે પ્રતિભાવ આપતા આ મુજબ જણાવ્યું...

(બાઈટ - ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ મહેશ પુજ)

તો કચ્છના મોટા , મધ્યમ અને નાના ઉદ્યોગોના અગ્રણી સંગઠન ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન- FOKIAના મેનેજીંગ ડીરેક્ટર નિમિષ ફડકેએ કેન્દ્રીય નાણાંમંત્રીએ રજૂ કરેલા આ અંદાજપત્રને 2047ના વિકસિત ભારત માટેના રોડમેપ તરફ લઈ જનારું બજેટ ગણાવી કચ્છના સંદર્ભમાં કહ્યું કે , કચ્છએ વીજળી ઉત્પાદનનો હબ છે ત્યારે આ અંદાજપત્રમાં વીજ વિતરણમાં સુધારા લાવવાની વાત કરાઇ છે જેનાથી આ ક્ષેત્રને મોટો ફાયદો થશે.

**(બાઈટ - FOKIAના મેનેજીંગ ડીરેક્ટર નિમિષ ફડકે)**

**ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયાની ભુજ શાખાના અધ્યક્ષ CA જગદીશ હિરાણીએ અંદાજપત્ર અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે , આ બજેટમાં જાહેર કરાયેલ નવા કર માળખાથી મધ્યમવર્ગ પરનો કરબોજ ઘટશે અને તેમની ખર્ચ ક્ષમતામાં વધારો થશે.**

**(બાઈટ - CA જગદીશ હિરાણી)**

---

<u>ભુજ-દિલ્હી ફ્લાઈટ:</u>

**ભુજ દિલ્હીની સીધી વિમાની સેવાનો આજથી પ્રારંભ થયો છે. ભુજ વિમાની મથકના ડાયરેક્ટર નવીનકુમાર સાગરે આકાશવાણીને જણાવ્યું કે, એરઇન્ડિયાની ફ્લાઈટ દરરોજ બપોરે ત્રણ વાગ્યે દિલ્હીથી ઉપડીને ભુજ ખાતે ૪ વાગીને ૫૫ મીનીટે પહોંચશે. અને ભુજથી સાંજે સાડા પાંચ વાગ્યે ઉપડશે, જે દિલ્હી સાત વાગીને ૩૫ મીનીટે પહોંચશે.**

---